**<u>સ્પે.દી.મુ.નં.૯૩/૧૪</u>**

**<u>–:: આંક–૧ નીચે હુકમ ::–</u>**

---

આ કામે વાદીએ દાવો દાખલ કર્યા બાદ અદાલત ઘ્વારા આંક–૫ ની અરજી નિર્ણીત કર્યા બાદ આંક–૧૮ થી તા.૨૨/૦૧/૧૬ ના રોજ ઈસ્યુ ફ્રેમ કરેલ હતા અને તેની જાણ આંક–૨૦ ની નોટીસથી વાદીને કરવામાં આવેલી હતી જે તેઓને ધારાસર બજી ગયેલી છે. ત્યારબાદની મુદત ૨૭/૪/૧૬ તથા તા.૨૧/૬/૧૬ ના રોજ કોઈ હાજર રહેલ ન હતુ અને આજરોજ પણ વારંવાર પોકાર કરતા કોઈ હાજર રહેલ નથી. જેથી રેકર્ડ જોતા આ કામમાં વાદીપક્ષને નોટીસ બજી હોવા છતા છેલ્લી ત્રણ મુદતોથી કોઈ હાજર રહેલ નથી કે કોઈ મુદત અરજી પણ રજુ કરેલ નથી. જેથી વાદીપક્ષને સદર કેસ આગળ ચલાવવા રસ ધરાવતા નહી હોવાનું માનવાને કારણ રહે છે. જેથી ઉપરોકત હકીકતોએ કેસના ગુણદોષમાં ઉતર્યા સિવાય વાદીની ગેરહાજરી ઘ્યાને લઈ વિશેષ ચર્ચા નહી કરતા નીચે મુજબનો ન્યાયિક હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુ ક મ ::</u>**

સદર દાવાના કામે વાદીપક્ષની ગેરહાજરી ઘ્યાને લઈ તેમનો પુરાવો રજુ કરવાનો હકક બંધ કરી કેસના ગુણદોષમાં ઉતર્યા સિવાય સી.પી.સી.ઓ.૯ રૂ.૩ મુજબ વાદીનો દાવો રદૃ કરી કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે વાદીપક્ષની ગેરહાજરી ઘ્યાને લેતા અગાઉ આપેલ કામચલાઉ મનાઈહુકમ આથી વકેટ યાંને કે રદબાતલ જાહેર કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે હુકમ નથી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૨૮/૦૬/૨૦૧૬<br>
અંકલેશ્વર.

(સનત જયંતિલાલ પંચાલ)<br>
૨જા એડી.સિનિયર સિવિલ જજ, અંકલેશ્વર.<br>
(જી.જે.૦૦૮૬૪)